**ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગર**
**(ગુજરાત સરકાર ધ્વારા સ્થાપિત સોસાયટી)**

## જાહેરાત ડિસેમ્બર–૨૦૧૪

આ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, સોલા–અમદાવાદ, ગોત્રી–વડોદરા, ગાંધીનગર, ધારપુર– પાટણ, વલસાડ, જુનાગઢ અને હિંમતનગર ખાતે નર્સિંગ સંવર્ગની નર્સિંગ અધિક્ષક, નાયબ નર્સિંગ અધિક્ષક, મદદનીશ નર્સિંગ અધિક્ષક/ મેટ્રન, સિસ્ટર ઈન્ચાર્જ અને સ્ટાફનર્સની જગ્યાઓ નિયમીત ધોરણે ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉમેદવારોએ તા.૩/૧/૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે તમામ સાત હોસ્પિટલ માટે એક જ અરજી તબીબી અધિક્ષક, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સોલા– અમદાવાદ, ગોત્રી–વડોદરા, ગાંધીનગર, ધારપુર–પાટણ, વલસાડ, જુનાગઢ કે હિંમતનગર પૈકી કોઈપણ એક તબીબી અધિક્ષકને અરજી રજુ કરવાની રહેશે. ઉમેદવારોએ સીધી આ કચેરીને અરજી રજુ કરવાની રહેશે નહિં.

અરજીનો નમુનો, ખાલી જગ્યા, લાયકાત, પગાર અને અન્ય વિગતો અમારી વેબસાઈટ www.gmers.gujarat.gov.in અને www.gujhealth.gov.in ઉપરથી મેળવી શકાશે. ઉમેદવારે અરજીપત્રક ઉપરોકત વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી અરજી કરવાની રહેશે.

ક્રમાંકઃ–૧૧/૨૦૧૪ ચેરમેન

Gujarat Medical Educationand Research Society, Gandhinagar.
(An Organization of Gujarat State Government)
ADVERTISEMENT – DECEMBER – 2014

Applications are invited in the prescribed format from eligible candidates for the regular appointment on the vacant posts of Nursing Superintendent, Deputy Nursing Superintendent, Assistant Nursing Superintendent/ Matron, Sister in charge and Staff Nurse at GMERS Medical College attached hospitals at Sola-Ahmedabad, Gotri-Vadodara, Gandhinagar, Dharpur-Patan, Valsad, Himmatnagar and Junagadh.

Candidate has to submit only one applicationfor all seven hospitals to any of the Medical Superintendent, GMERS college attached hospital at Sola-Ahmedabad, Gotri-Vadodara, Dharpur-Patan, Gandhinagar, Valsad, Junagadh and Himmatnagar on or before 03-01-2015. No application will be accepted by this office directly.

Application form and other details are available on our websites: www.gujhealth.gov.in, &www.gmers.gujarat.gov.inApplication form can be downloaded from these websites.

No.11/2014 Chairman

# <u>જાહેરાત</u>

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની  મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સોલા–અમદાવાદ,ગોત્રી–વડોદરા, ગાંધીનગર,ધારપુર–પાટણ, વલસાડ,જુનાગઢ અને હિંમતનગર ખાતે નર્સિગ સંવર્ગની નીચે મુજબની જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી  અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | ગાર ધોરણ | જગ્યાની અંદાજીત સંખ્યા | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સોલા–અમદા વાદ | ગોત્રી–વડોદરા | ગાંધી નગર | ધારપુર પાટણ | વલસાડ | જુનાગઢ | હિંમત નગર | |
| ૧ | નર્સીગ અધિક્ષક | ૧૫૬૦૦–૩૯૧૦૦ (જીપી ૫૪૦૦) | ૩ | ૩ | ૨ | ૩ | ૩ | ૧ | ૧ | ૧૬ |
| ૨ | નાયબ નર્સીગ અધિક્ષક | ૯૩૦૦–૩૪૮૦૦ (જીપી ૪૬૦૦) | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦૫ |
| ૩ | મદદનીશ નર્સીગ અધિક્ષક/ મેટ્રન | ૧૩,૭૦૦/– ફીક્સ પગાર | ૦ | ૦ | ૪ | ૪ | ૬ | ૪ | ૪ | ૨૨ |
| ૪ | ઈન્ચાર્જ સીસ્ટર | ૧૩,૭૦૦/– ફીક્સ પગાર | ૧ | ૬ | ૩ | ૫ | ૨૫ | ૧૨ | ૨૧ | ૭૩ |
| ૫ | સ્ટાફનર્સ | ૧૩,૫૦૦/– ફીક્સ પગાર ) | ૪૪ | ૧૭ | ૪૪ | ૫૫ | ૭૭ | ૪૬ | ૧૦૬ | ૩૧૦ |

ઉપર જણાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.

અરજી ચીફ એકઝીકયુટીવ ઓફીસર ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી ઈ/૩ સીવીલ હોસ્પિટલ કેમ્પસ–ગાંધીનગરને ઉદેશીને કરવાની રહેશે. પરંતુ તેઓએ અરજી પોતાની અનુકુળતા પ્રમાણે નીચે જણાવેલ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ પૈકી કોઈપણ હોસ્પિટલનાં તબીબી અધિક્ષકને તા.૩/૧/૨૦૧૫ સુધીમાં અરજી મળી જાય તે રીતે  મોકલી આપવાની રહેશે. કોઈપણ સંજોગોમાં અરજી સીઈઓશ્રીની કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહિ.

(૧)તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ      કોલેજ સંલગ્ન હોસ્પિટલ,ગુજરાત
હાઈકોર્ટ પાસે, એસ. જી. હાઈવે,
સોલા–અમદાવાદ ટે.નં.૦૭૯–૨૭૬૬૪૩૫૯.

(૨) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, ગોત્રીરોડ,
ગોત્રી–વડોદરા.
૦૨૬૫–૨૩૯૮૦૦૮,૨૩૯૮૦૦૯.

(૩) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ,
સેકટર–૧૨,ગાંધીનગર.
નં.૦૭૯–૨૩૨ ૨૧૯૩૧,૨૩૨ ૨૧૯૩૨

(૪) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ,
ધારપુર–પાટણ.

(૫) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ,હાલાર
રોડ,ગામ–નાનકવાડા,વલસાડ–૩૯૬૦૦૧.
ટે.નં.૦૨૬૩૨–૨૫૧૭૪૪.

(૬) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, જુનાગઢ.
ટે.નં.૦૨૮૫–૨૬૫૧૪૩૬.

(૭) )તબીબી અધિક્ષકશ્રી,  જીએમઈઆરએસ
મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ હિંમતનગર.
ટે.નં.૦૨૭૭૨–૨૪૬૬૧૮
ટે.નં.૦૭૯–૨૩૨ ૨૧૯૩૧,૨૩૨ ૨૧૯૩૨

ટે.નં.૦૨૭૬૬–૨૬૫૨૩૫

## જગ્યાની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વયમર્યાદા નીચે પ્રમાણે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વય મર્યાદા | શૈક્ષણિક લાયકાત અને અનુભવ |
|---|---|---|---|
| ૧ | નર્સીંગ અધિક્ષક | ૪૫ વર્ષ | (૧) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી એમએસસી નર્સિંગની ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવામલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો ડેપ્યુટી નાયબ નર્સિંગ અધિક્ષક/ મેટ્રન ગ્રેડ–રનો ૩ વર્ષનો અથવા આસી. નર્સિંગ સુપ્રિ./મેટ્રન ગ્રેડ–૩/ પબ્લીક હેલ્થ નર્સનો ૬ વર્ષનો અનુભવ<br>**અથવા**<br>ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી (નર્સિંગ), પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ) ની ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવામલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો નાયબ નર્સિંગ સુપ્રિ./મેટ્રન ગ્રેડ–રનો ત્રણ વર્ષનો અનુભવ અથવા નાયબ નર્સિંગ અધિક્ષક/મેટ્રન ગ્રેડ–૩/ પબ્લીક હેલ્થ નર્સનો છ વર્ષનો અનુભવ અને માન્ય યુનિવર્સીટીનો હોસ્પિટલ મેનેજમેન્ટનો ડીપ્લોમા /ડીગ્રી |
| ૨ | નાયબ નર્સીંગ અધિક્ષક | ૪૫ વર્ષ | (૧) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થા માંથી એમએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/ મેટ્રન ગ્રેડ–૩/ પબ્લીક હેલ્થ નર્સનો ત્રણ વર્ષનો અથવા સીસ્ટર ઈન્ચાર્જ /હેડનર્સનો આઠ વર્ષનો અનુભવ<br>**અથવા**<br>ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ માન્ય સંસ્થામાંથી બેઝીક બીએસસી (નર્સિંગ) પોસ્ટ બેઝીક બીએસસી(નર્સિંગ) ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો મદદનીશ નર્સિંગ અધિક્ષક/ મેટ્રન ગ્રેડ–૩ પબ્લીક હેલ્થનર્સનો પાંચ વર્ષનો અથવા સીસ્ટર ઈન્ચાર્જ /હેડ નર્સનો આઠ વર્ષનો અનુભવ |
| ૩ | મદદનીશ નર્સીંગ અધિક્ષક | ૪૫ વર્ષ | (૧) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થા માંથી એમએસસી નર્સિંગની ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સીસ્ટર ઈન્ચનાર્જ /હેડનર્સનો ત્રણ વર્ષનો અનુભવ<br>**અથવા**<br>બેઝીક બીએસસી/પોસ્ટ બેઝીક બીએસસી (નર્સિંગ)ની ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો ચાર વર્ષનો સીસ્ટર ઈન્ચાર્જ / હેડ નર્સનો અનુભવ<br>**અથવા**<br>ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ ગુજરાત નર્સિંગ કાન્સિલ ધ્વારા માન્ય સંસ્થા માંથી જનરલ નર્સિંગ અને મીડવાઈફરી કોર્ષ અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સિસ્ટર ઈન્ચાર્જ/ હેડનર્સનો પાંચ વર્ષનો અનુભવ |
| ૪ | ઈન્ચાર્જ સીસ્ટર | ૪૦ વર્ષ | ૧) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થા માંથી નર્સિંગની પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત/ લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા ૧૫૦ પથારીની મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફનર્સ તરીકેનો બે વર્ષનો અનુભવ |

| | | | |
|---|---|---|---|
| | | | **અથવા**<br>ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થા માંથી ડીગ્રી ઈન નર્સિંગ અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત/ લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા ૧૫૦ પથારીની મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફનર્સ તરીકેનો ચાર વર્ષનો અનુભવ<br>**અથવા**<br>ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ અને મીડવાઈફરીનો કોર્ષ અને જીએમઈઆરએસ/ સરકાર/ પંચાયત / લોકલ બોડીઝ/ રાજય સરકારના બોર્ડ કોર્પોરેશન અથવા ૧૫૦ પથારીની મલ્ટી સ્ટેશ્યાલીટી હોસ્પિટલનો નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો સ્ટાફ નર્સનો પાંચ વર્ષનો અનુભવ |
| ૫ | સ્ટાફનર્સ | ૪૦ વર્ષ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી કોર્ષ/ બીએસસી નર્સીંગ કોર્ષ |

ઉપરોકત તમામ જગ્યા માટે ઉમેદવાર ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ/ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય નર્સિંગ સ્કુલ /કોલેજમાંથી તાલીમ મેળવીને ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. આમ છતાં રજીસ્ટ્રેશન માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલને અરજી કરી હોય તેવા ઉમેદવારોપણ અરજી કરી શકશે. પરંતુ તેઓને જો નિમણુંક મળે તો રજીસ્ટ્રેશન સર્ટી રજુ કરે તો જ નિમણુંકમાં હાજર કરવામાં આવશે.

તમામ જગાના ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી અંગેબેઝીક નોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન ધરાવતા હોવા અંગે કોઈ પણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. આવુ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ નિમણુંક મેળવતાં પહેલાં આ પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર રહેશે નહીં.

તમામ ઉમેદવારો હીન્દી અથવાગુજરાતી અથવા બંને ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

અરજી કરવાની છેલ્લી તારીખે ઉપરોકત તમામ જગાઓના ઉમેદવારની ઉંમર ઉપર જણાવેલ વય મર્યાદાથી વધુ હોવી જોઈએ નહીં. પરંતુ સરકારના નિવૃત્ત નર્સિંગ કર્મચારીઓ ૬૪ વર્ષની વયમર્યાદા સુધી અરજી કરી શકશે. નિવૃત્ત નર્સીંગ કર્મચારીઓને એક વર્ષ માટે ફીકસ પગારથી કરાર આધારિત નિમણુંક આપવામાં આવશે જે વધુ ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે.

અરજદારે અરજી પત્રકમાં માંગેલ તમામ વિગતો અવશ્ય જણાવવાની રહેશે.અધુરી કે ખોટી વિગતો દર્શાવેલ અરજી પત્રકો રદ કરવામાં આવશે. અરજી પત્રકમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે.અને તે જ નંબર ભરતી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી જાળવી રાખવાનો રહેશે. અરજી પત્રકના મથાળે અરજદારે ૩.૫×૨.૫નો ફોટો ચોંટાડવાનો રહેશે.

જીએમઈઆરએસ/ સરકારી / અર્ધ સરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓ/ સોસાયટીમાં સેવા બજાવતા કર્મચારીઓએ સોસાયટીને અરજી કર્યાની જાણ પોતાની કચેરીના વડાને અરજી કર્યાની તારીખથી દિન–૭માં અચુક કરવાની રહેશે. અરજદારે અરજદારના નિયોકતાનું 'ના વાંધા પ્રમાણપત્ર' રૂબરૂ મુલાકાત વખતે કે પ્રમાણપત્રની ખરાઈ વખતે અવશ્ય રજુ કરવાનું રહેશે. અન્યથા તેઓ નિમણુંકને પાત્ર રહેશે નહીં.

**<u>અનામત જગ્યાઓની વિગતઃ—</u>**

ઉપરોકત જગ્યાઓ પૈકી અનુસુચિત જાતિની ૭%, અનુસુચિત જન જાતિની ૧૫% અને સા.શૈ.પ.વ.ની ૨૭% અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને સા.શૈ.પ.વ.ના ઉમેદવારો માટે અનામત છે.સામાજીક અને શૈક્ષણક પછાત ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ એટલે કે તા.૧/૪/૨૦૧૪ પછીનું ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

મહિલા માટે ૩૦% જગા અનામત છે. જે તે અનામત / બિનઅનામત જગા સામે સરભર કરવામાં આવશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે લાયક પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગાના ૧૦% જગા અનામત છે. અને જે તે અનામત અને બિનઅનામત જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક ઉમેદવારો ઉપલબ્ધ થશે નહી તો તે જગ્યાઓ અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

શા.ખો.ખાં.ના ઉમેદવારો માટે ૩% જગ્યાઓ અનામત છે. અને જે તે અનામત / બિનઅનામત જગ્યાઓ સામે સરભર કરવામાં આવશે. આવા ઉમેદવારો ઉપલબ્ધ થશે નહી તો તે જગ્યાઓ અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

**<u>ઉમરમાં છુટછાટઃ—</u>**

મુળ ગુજરાતના વતની હોય તેવા અનુ.જાતિ, અનુ. જન જાતિ અને સામાજીક અને શૈ.પછાત ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચવર્ષની છુટછાટ આપવામાં આવશે.

સામાજીક અને શૈક્ષણક પછાત ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ એટલે કે તા.૧/૪/૧૪ પછીનુ ઉન્નત વર્ગમાં ન હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરશે તો જ તેઓને વયમર્યાદામાં છૂટછાટનો લાભ આપવામાં આવશે.

૪૦% કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં દસ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત કક્ષાના /શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર ઉપલી વયમર્યાદાની છુટછાટ ઉપરાંત મહિલા તરીકે પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ સેનામાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ /પ્રમાણપત્ર ધરાવતા હોય તો ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજ ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ આપવામાં આવશે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી /સરકાર/ પંચાયતમાં ફરજ બજાવતા કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ આપવામાં આવશે.

ઉંમર છુટછાટ અંગે ઉપરની કોઈ પણ જોગવાઈ હોવા છતાં નિવૃત નર્સીગ કર્મચારી સિવાયના કોઈ પણ ઉમેદવારને નિયત તારીખે ઉંમર ૫૦ વર્ષથી વધુ હશે તો કોઈ પણ સંજોગોમા વય મર્યાદામાં છુટછાટ આપવામાં આવશે નહી.

## પસંદગીની પ્રક્રિયા:

સંબંધિત તબીબી અધિક્ષકશ્રી ક્રમ:૫ માં જણાવેલ જગ્યાની અરજીઓ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરી જનરલ નર્સીંગ કોર્ષ/બીએસસીમાં મેળવેલ ટકાવારી પ્રમાણે મેરીટ યાદી તૈયાર કરી મેરીટ યાદીની હાર્ડ કોપી અને સોફટ કોપી સાથે અરજીઓ તા.૧૨/૧/૨૦૧૫ સુધીમાં આ કચેરીને મોકલી આપશે. સંબંધિત તમામ તબીબી અધિક્ષકશ્રી પાસેથી મળેલ મેરીટ યાદી ઉપરથી આ કચેરી ખાતે એક સંયુકત મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે યાદીના ઉમેદવારોમાંથી ખાલી જગ્યાના પ્રમાણમાં ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે જયારે ક્રમાંક:–૧ થી ૪ માં જણાવેલ જગાઓની અરજીઓની અલગ અલગ યાદી તૈયાર કરી, યાદી પ્રમાણે અરજી ઉપર ક્રમ નંબર આપી તમામ અરજીઓ આ કચેરીને તા.૮/૧/૨૦૧૫ નાં રોજ રૂબરૂ મોકલી આપવાની રહેશે. અને આ કચેરીને અરજીઓ મળ્યેથી ખાલી જગ્યાના પ્રમાણમાં ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

ક્રમ–૧ થી ૪ની જગ્યાના ઉમેદવારોની રૂબરૂ મુલાકાતમાં શૈક્ષણિક લાયકાત, અનુભવ, કલીનીકલ નોલેજ કોમ્પ્યુટર જાણકારી અને ઈન્ટરવ્યુ મળી કુલ ૫૦ ગુણમાથી ૫૦% ગુણ એટલે કે ૨૫ ગુણ મળેવશે તેવા ઉમેદવારોને પસંદગી માટે યોગ્યગણી પસંદગી યાદીમાં સમાવવામાં આવશે.

(૧) નિવૃત નર્સીગ કર્મચારી સિવાયના ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.
(૨) વિધવા ઉમેદવારને તેઓએ મેળવેલ ગુણ ઉપરાંત પાંચ ગુણ ઉમેરી આપવામાં આવશે.
(૩) રમત ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારોને મેળવેલ ગુણમાં પાંચ ગુણ ઉમેરી આપવામાં આવશે
(૪) પસંદગી પામેલ ઉમેદવારોને પસંદગી યાદીના મેરીટ ક્રમાંક સાથેwww.gmers.gujarat.gov.in અથવાwww.gujhealth.gov.inવેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. પસંદગી યાદીમાં સમાવેશ થવા માત્રથી ઉમેદવારને નિમણુંક નો હકક પ્રાપ્ત થશે નહીં.
(૫) ઉમેદવારની નિમણુંક સોસાયટી ધ્વારા નિયત થયા મુજબની બોલીઓ અને શરતોને આધીન રહેશે.
(૬) પસંદગી યાદી એક વર્ષ સુધી અમલમાં રહેશે.
(૭) આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈ પણ કાયદેસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હકક / અધિકાર ચેરમેન જીએમઈઆરએસનો રહેશે. અને આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

**ઉમેદવારોએ અરજી સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત જાતે કરેલ નકલ અચુક જોડવાની રહેશે.**

૧. જન્મ તારીખની ખરાઈ માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર.
૨. જો નામમાં ફેરફાર કરેલ હોય તો નામની ખરાઈ માટે ગેઝેટની નકલ.
૩. ડીપ્લોમા ઈન જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી અભ્યાસક્રમ પાસ કર્યાના દરેક વર્ષનાદરેક પ્રયત્નોની માર્કશીટની નકલ.
૪. જો ડીગ્રી કોર્ષ કરેલ હોય તો, પ્રથમ,ધ્વિતીય,તૃતીય અને ચોથા વર્ષની તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.
૫. રજિસ્ટર્ડ નર્સ તેમજ રજિસ્ટર્ડ મીડવાઈફ અથવા મીડવાઈફરીની અવેજીમાં કરેલ કોર્ષના ગુજરાત નર્સીગ કાઉન્સીલના રજિસ્ટ્રેશનની નકલ.
૬. એસસી, એસટી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર જાતિ અંગે સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની નકલ.
૭. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતા નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું તા.૧/૪/૨૦૧૪ કે તે પછીનું નોન ક્રીમીલેયર પ્રમાણપત્રની નકલ.
૮. શારિરીક અપંગતા ધરાવતા ઉમેદવારે સબંધિત જિલ્લાની સીવીલ હોસ્પીટલના જિલ્લા તબીબી બોર્ડનું અપંગતાના પ્રમાણપત્રની નકલ.

૯. અનુભવનું પ્રમાણપત્ર.

૧૦. શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર.

૧૧. વિધવા ઉમેદવારે વિધવા હોવા અંગેનું તથા પુનઃ લગ્ન નહીં કર્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.

૧૨. માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવા અંગેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ /પ્રમાણપત્ર.

૧૩. હાલની નોકરી દાતાનું નોકરી મેળવવા અંગે ના વાંધા પ્રમાણપત્ર.

૧૪. રમતગમતમાં ભાગ લીધેલ ઉમેદવારે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.

ચેરમેન
ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
ગાંધીનગર

# ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી ગાંધીનગર

## ______________________ની જગા માટેનું અરજીપત્રક

| પાસપોર્ટ સાઈઝ ફોટો |
|---|

**પ્રતિ,**
ચીફ એકઝીકયુટીવ ઓફીસર,
ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી
ઈ–૩ બીજો માળ સીવીલ હોસ્પિટલ કેમ્પસ ,
પથિકાશ્રમ હોટલની સામે,સેકટર–૧૨,ગાંધીનગર

૧. પુરેપુરૂ નામ :

(ગુજરાતીમાં) ______________________________

(અંગ્રેજીમાં ) ______________________________

૨. પત્ર વ્યવહારનું સરનામું :-______________________________

( પીન કોડ નંબર સાથે) ______________________________

૩. સંપર્ક નંબરઃ

(૧)મોબાઈલ નંબરઃ_______________(૨) એસટીડી કોડ નંબર સાથે લેન્ડ લાઈન :__________

૪. જન્મ તારીખઃ________________________ ઉંમરઃ વર્ષ________માસ_____દિવસ_____

૫. (અ) જાતિઃ પુરુષ ☐ મહિલા ☐

(બ) મહિલા ઉમેદવારના કિસ્સામાં વિધવા છે ? હા ☐ ના ☐

(ક) જો વિધવા હોય તો પુનઃલગ્ન કરેલ છે ? હા ☐ ના ☐

૬. (૧)ઉમેદવાર અનામત કેટેગરીના છે કે બિનઅનામત

અનામત ☐ બિનઅનામત ☐

(૨)જો અનામત કેટેગરીના હોય તો કઈ કેટેગરીના છે?

એસસી ☐ એસટી ☐ એસઈબીસી ☐

(૩) એસઈબીસીના કિસ્સામાં ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા નું પ્રમાણપત્ર રજુ કરેલ છે. હા ☐ ના ☐

(૪) જો હા તો તેની તારીખ ___________

૭. ઉમેદવાર

૧.શારીરીક અપંગ છે ?　　હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૨.માજી સૈનિક છે ?　　હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૩.રમત ગમત ખેલાડી છે ?　　હા ☐ ના ☐ જો હા તો રજુ કરેલ પ્રમાણપત્રનીતારીખ_______

૮. ઉમેદવાર સરકારી/ અર્ધ સરકારી/ સરકારી બોર્ડ કોર્પોરેશન/ સોસાયટીમાં હાલ ફરજ બજાવતા હોય તો

તે કચેરીનું નામ સરનામું :___________________

હાલની ફરજનો હોદદોઃ____________________

હાલની ફરજમાં જોડાયાની તારીખઃ_____________

૯. શૈક્ષણિક લાયકાતની વિગતઃ

| ક્રમ | મેળવેલ લાયકાત | બોર્ડ/યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ગુણ | કુલ ગુણ ટકા |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૧૦. ભાષા અંગેનું જ્ઞાનઃ

| | વાંચી શકે છે. | લખી શકે છે. | બોલી શકે છે. |
|---|---|---|---|
| ગુજરાતી | ☐ | ☐ | ☐ |
| હિન્દી | ☐ | ☐ | ☐ |
| અંગ્રેજી | ☐ | ☐ | ☐ |

૧૧. સંબંધિતજગાની ઉમેદવારી માટે જો કોઈ કાયદા હેઠળ કાઉન્સીલ રજીસ્ટ્રેશન જરુરી હોય તો

૧.રજીસ્ટ્રેશન કાઉન્સિલનું નામઃ_____________________

૨.રજીસ્ટ્રેશન નં:_______________ રજીસ્ટ્રેશન તારીખ _______________

૧૨. ઉમેદવાર કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવે છે ? હા ☐ ના ☐

જો હા તો

(અ) પ્રમાણપત્ર એનાયત કરનાર સંસ્થાનું નામ :____________

(બ) પ્રમાણપત્રની તારીખ:____________

૧૩. અનુભવની વિગત:

| ક્રમ | સંસ્થાનું નામ | હોદદો | અનુભવ | |
|---|---|---|---|---|
| | | | તા. થી તા. | વર્ષ/ માસ |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૪. રાષ્ટ્રીયતા:____________

૧૫. નિમણુંક માટે પસંદગીના સ્થળ (વધુમાં વધુ ત્રણ)

તારીખ:____________

સ્થળ : ____________ અરજદારની સહી:____________

**<u>બાંહેધરી</u>**

આથી હું બાંહેધરી આપું છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે. જો તે ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાય તો મારી અરજી આપોઆપ રદ ગણાશે. અને જે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે. જાહેરાતમાં દર્શાવેલ તમામ નિયમો અને શરતો મેં વાંચી છે, સમજી છે અને કબુલ મંજુર છે.

તારીખ :

સ્થળ : અરજદારની સહી:

નોંધ:– ઉમેદવારે અરજી પત્રકનાં સંબંધિત કોલમ સામે લાગુ પડતા ખાનામાં (√) ટીક કરવાની રહેશે.